Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-4, March-2024
www.researchguru.net

# રાસાયણિક ખેતીના વિકલ્પ તરીકે આત્મા પ્રોજેક્ટની દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ યોજના: એક નવતર અભિગમ

**ડૉ.અમીષા.શાહ**
પ્રોફેસર અને માર્ગદર્શક, ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

**પિયુષ.આર.રાણા**
સંશોધક – વિદ્યાવાચસ્પતિ, ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
ઈ-મેઈલ- ranapiyush733@gmail.com.,
મો.- 7874388255

***સારાંશ.***

*હરિયાળી ક્રાંતિની શરૂઆત થયા બાદ ખેતીમાંથી વધુ ઉત્પાદન મેળવવા માટે અનેક પ્રકારના રસાયણોનો ઉપયોગ થવા લાગ્યો. જેના કારણે શરૂઆતમાં ઉત્પાદનમાં વધારો થયો પણ ધીમે-ધીમે જમીન ઉત્પાદન આપવાની તેની ક્ષમતા ગુમાવવા લાગી. પરિણામે જમીનમાં જે ઉપયોગી જીવો હતા એ રસાયણોના ઉપયોગથી નાશ પામ્યા અને જમીનની ભૌતિક સ્થિતિ બગાડવા લાગી. જેના પર ઘણા સંશોધનો થયા અને જાણવા મળ્યું કે વધુ પડતાં રસાયણોના કારણે જમીનની આ સ્થિતિ થઈ છે અને જો તેને હવે તેની મૂળ સ્થિતિમાં લાવવી હોય તો ગાય આધારિત ખેતી કરવી પડશે અને તેનાથી આપણે ફરી જમીન ઉપજાઉ બનાવી શકીશું.*

***ચાવીરૂપ શબ્દો:-***
*કૃષિ ઉત્પતિના તબક્કા, રસાયણોથી ખેતી,પર્યાવરણ, માણસો ઉપર થતી અસરો, ગાય આધારિત ખેતી, પાત્રતા, સહાય, લાભો.*

**પ્રસ્તાવના :-**

પ્રાચીનકાળથી માનવીની મુખ્ય ત્રણ જરૂરિયાત છે અન્ન, વસ્ત્ર અને આવાસ. માનવી પોતાની ભૂખ સંતોષવા માટે પહેલાં શિકાર, કંદમૂળ, ફળફૂલ અને કાચા અન્નનો ખોરાક તરીકે ઉપયોગ કરતો. ધીમે-ધીમે ભટકતું જીવન જીવતા તે સ્થાયી થવાના પ્રયત્નો કરતો. આદિ માનવથી લઈને આજનાં કહેવાતા વર્તમાન સુસંસ્કૃત માનવી પોતાની જરૂરિયાતો કૃષિમાં શોધવાનો પ્રયત્નો કરતો. તેથી સદીઓથી કૃષિનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. તેથી જ પ્રાચીનકાળથી કૃષિને વિકસાવવાના સતત પ્રયત્નો થતાં રહ્યા છે. આશરે ૧૦,૦૦૦ વર્ષો પહેલાં થયેલા વિકાસ બાદ કૃષિના ભૌગોલિક વિસ્તાર અને ઉપજોમાં ઘણો વધારો થયો છે. આ વિકાસ દરમ્યાન સમયનાં વહેણની સાથે અનેક સંશોધનો

થકી નવીન તાંત્રિકતા ઓ, નવા પાકો, હાઇબ્રીડ બિયારણો, આધુનિક ઓજારો, રાસાયણિક ખાતરો વગેરેનો ઉપયોગ વધ્યો જેથી ખેતીના વિકાસને વધુ વેગ મળ્યો. કૃષિના ઈતિહાસે માનવ વિકાસમાં સામાજિક અને આર્થિક પરિવર્તનોમાં મુખ્ય પરિબળ તરીકે ભૂમિકા ભજવી છે.

**કૃષિ ઉત્પતિના ત્રણ તબક્કા:-**

પશ્ચિમ એશિયા, ઈજિપ્ત અને ભારતનો ફળદ્રુપ પ્રદેશ આયોજિત છોડોની વાવણી અને લણણીની શરૂઆતની જગ્યા ગણાય છે. ઉત્તર અને દક્ષિણ ચીન, આફ્રિકાનું સહેલ, ન્યુ ગ્યુઆના અને

**ચાણક્યનું અર્થશાસ્ત્ર:-**

ચાણક્યનાં મહાનગ્રંથ જેને ચાણક્યનું અર્થશાસ્ત્ર કહેવાય છે જેમાં ચાણક્યે રાષ્ટ્રની કૃષિને મેરુદંડી ગણાવી છે અને કૃષિને કેવી રીતે વિકસાવવી તેનો ઊંડાણપૂર્વક ખ્યાલ આપ્યો છે. તે સમયે રાજકોષ વધારવાનું એકમાત્ર માધ્યમ કૃષિ હતું. તે વખતે મોટો વર્ગ ખેડૂતો અને ખેતમજૂરોનો હતો. કઈ જમીનમાં ક્યો પાક થાય, કયા પાકને વધારે પાણી જોઈએ અને ક્યાં પાક માટે વધારે ખેતમજૂરોની જરૂર પડે, ક્યાં પ્રદેશમાં વધારે વરસાદ પડે, સિંચાઈની વ્યવસ્થા, નદી, તળાવ, સરોવર, કૂવા વગેરેમાંથી કઈ રીતે પાણી લઈને ખેતી કરવી એ તમામ માહિતી તૈયાર કરવામાં આવી હતી. અને એ મુજબ ખેતી કરવામાં આવતી.

**આધુનિક યુગ:-**

અમેરિકાના વિવિધ ક્ષેત્રોમાં કૃષિનો સ્વતંત્ર વિકાસ થયો હતો. કૃષિના આઠ કહેવાતા નૂતન પાષાણયુગનાં પાકો- એમ્મર ઘઉં, ઇનકોર્ન ઘઉં, છોતરાં ઉતારેલા જવ, વટાણા, મસૂર, કડવા કઠોળ, કઠોળની જાત અને શણ હતા.

**મધ્યયુગ:-**

ઉત્તર અમેરિકા અને યુરોપના ખેડૂતોએ હાઈડ્રોલિક અને હાઈડ્રોસ્ટેટિક સિધ્ધાંત પર આધારિત સિંચાઈ પધ્ધતિ અને નોરિયાઝ, વોટર રેઇઝીગ મશીન્સ, બંધ અને સરોવરો જેવી કૃષિ તકનિકોનો ઉપયોગ કરવાની શરૂઆત કરી.

૧૮મી સદીની શરૂઆત સુધીમાં કૃષિ તકનીકોનું અમલીકરણ કરવામાં આવ્યું. દાણાના જથ્થા અને વાવેતરના છોડની પસંદગી કરવામાં આવી. જમીનના પ્રત્યેક એકમ પ્રમાણે ઊપજમાં ખાસ્સો વધારો થયો. ૧૯ મી સદીના અંત ભાગમાં અને ૨૦મી સદીમાં યાંત્રિકરણમાં ટ્રેક્ટરનાં આગમન સાથે ખેતીનું કામ ખૂબ જ ઝડપી થવા લાગ્યું. વિશ્વનાં દેશોની વિવિધ ટેકનિકનાં વિવિધ નવા ઓજારોનો ખેતીમાં ઉપયોગ થતાં ખેતીમાં ખૂબ જ પ્રગતિ થઈ. ૨૧ મી સદીનો યુગ વિજ્ઞાન અને ટેક્નોલોજીનો યુગ છે. જે જે રાષ્ટ્રોએ વિજ્ઞાનનો સ્વીકાર કર્યો તેઓએ પ્રત્યેક ક્ષેત્રોમાં પ્રગતિ સાધી. જેઓ પાછળ રહ્યા તેઓ પછાતપણામાં ધકેલાયા. તેમાં કૃષિક્ષેત્રનો પણ સમાવેશ થાય. ૧૯૬૦ માં

પંજાબમાંથી હરિયાળી ક્રાંતિનો ઉદય થયો અને ખેતીમાં નવીન પાકો, હાઇબ્રીડ બિયારણો, રાસાયણિક ખાતરો, રાસાયણિક દવાઓ વગેરેનો ઉપયોગ થવા લાગ્યો. પરિણામે દેશનાં અર્થતંત્રમાં નોધપાત્ર સુધારો થયો.

**રસાયણોના વધુ પડતાં ઉપયોગનાં કારણે ખેતી અને પર્યાવરણ ઉપર થતું નુકશાન:-**

2. જમીનની ભૌતિક, રાસાયણિક અને જૈવિક પરિસ્થિતિ બગડી અને તેના કારણે જમીન કડક થઈ અને ભેજધારણશક્તિની ક્ષમતા ઓછી થઈ. રોગ-જીવાતની નવી સમસ્યાઓ ઊભી થઈ.
3. આજુબાજુના વૃક્ષો, હવા, પ્રાણીઓ, જીવજંતુઓ, પાણી વગેરે પર ખૂબ માઠી અસર થઈ.
4. પર્યાવરણને નુકશાન થવાનાં કારણે આજે વૈશ્વિક તાપમાન તેમજ કુદરતી આફતોમાં વધારો થયો છે.

**માણસોનાં આરોગ્યને થતું નુકશાન:-**

ભારતમાં હરિયાળી ક્રાંતિ આવવાથી નવા હાઇબ્રીડ બિયારણ આવતા ગયા અને વધુ ઉત્પાદનની જરૂરિયાત ઊભી થતી ગઈ તેમ તેમ રાસાયણિક ખાતરનો ઉપયોગ વધતો ગયો પરંતુ વધુ પડતાં રાસાયણિક ખાતર અને ઝેરી દવાઓના ઉપયોગથી જમીનમાં રહેલાં વિવિધ જીવજંતુઓ, પક્ષીઓ અને માનવજાતને

**ખેડૂતો અને ખેતમજૂરોને સામાજિક-આર્થિક રીતે થતું નુકશાન:-**

1. જમીનની અંદર રહેલા ફાયદાકારક સુક્ષ્મ જીવાણુ જે જમીનને ફળદ્રુપ રાખતા હતા તે રાસાયણિક દવાઓ અને ખાતરોના કારણે નાશ પામ્યા જેનાં લીધે જમીનની જે ઉત્પાદન આપવાની ગુણવત્તા હતી એ નાશ પામી.

5. કુદરતી આફતના કારણે  ખેતરમાં વાવેલ પાક સમયસર નહીં લઈ શકવાના કારણે ખેડૂતોને આર્થિક નુકશાન થાય છે.
6. રોગ-જીવાતની નવી સમસ્યાઓ ઊભી થઈ.
7. આજુબાજુના વૃક્ષો, હવા, પ્રાણીઓ, જીવજંતુઓ, પાણી વગેરે પર ખૂબ માઠી અસર થઈ.
8. પર્યાવરણને નુકશાન થવાનાં કારણે આજે વૈશ્વિક તાપમાન તેમજ કુદરતી આફતોમાં વધારો થયો છે.

નુકશાન થયું. જેમાં માણસોમાં કેન્સર, ડાયાબિટીસ, હૃદયરોગ અને હાર્ટએટેક જેવી બીમારીઓનું પ્રમાણ ખૂબ જ વધવા લાગ્યું. જેનાં વિવિધ સંશોધનો થયા અને છેલ્લે એવું જાણવા મળ્યું કે વધુ પડતી ખેતીમાં અને ખાસ કરીને શાકભાજીમાં તેનો વધુ ઉપયોગ થવાનાં કારણે આરોગ્યને ખૂબ જ નુકશાન થયું અને અનેક પ્રકારની બીમારીઓના શિકાર બનવું પડ્યું છે.

રાસાયણિક ખેતીનો વ્યાપ વધવાને કારણે ખેડૂતોએ પોતાના કુટુંબની સાચવણી અથવા પેટ ભરવા માટે ઉછીના અથવા તો

વ્યાજે પૈસા લાવી અને તે નાણાનો ખેતીમાં ઉપયોગ કર્યો પણ ઉત્પાદન લેવાનાં સમયે કુદરતી આફત કે વધુ ઉત્પાદનના ભાવ ન મળવાના કારણે ખેડૂત મુસીબતમાં મુકાય છે અને આત્મહત્યા કરી લે છે જેના કારણે તેના આખા પરિવાર ઉપર આભ તૂટી પડે છે અને તેમનું જીવન નિર્વાહ કરવું મુશ્કેલ બની જાય છે તેમજ પરિવાર દેવાદાર બનવાના કારણે સામાજિક કૌટિમ્બિક મોભો જાળવવો પણ મુશ્કેલ બને છે. ખેતીમાં નવા યાંત્રિક સાધનો આવવાના કારણે ખેતમજૂરોની આર્થિક સામાજિક જરૂરિયાતો સંતોષવી મુશ્કેલ બનવા લાગી. જેનાં કારણે ખેતી સાથે જોડાયેલા ઉદ્યોગોને સમયસર કાચો માલ ન મળવાના કારણે ઉદ્યોગો પડી ભાગ્યા અને મજૂરો પણ શહેરી તરફ પલાયન થવા લાગ્યા. આ પરિસ્થિતિમાં ગામડાની ખેતીને જીવંત રાખવા માટે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી એક નવતર અભિગમ છે.

**આત્મા પ્રોજેકટની દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ યોજના:-**

એગ્રીકલ્ચર ટેક્નોલૉજી મેનેજમેંટ એજન્સી જે આત્માના ટુંકા નામથી ઓળખાય છે. જે કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી દ્વારા સંચાલિત જિલ્લાકક્ષાએ કાર્યરત રજીસ્ટર સોસાયટી છે. જે રાજ્યની કૃષિ વિસ્તરણ વ્યવસ્થાને મજબૂત બનાવવી અને કૃષિક્ષેત્રે ખેડૂતોને નવી ટેક્નોલૉજી અને નવી પધ્ધતિઓ ખેડૂતો સુધી પહોંચાવડાનું કામ કરે છે.

**યોજનાની ગાઈડલાઈન:-**

રાજયમાં ખેડૂતો માટે ગુજરાત સરકાર દ્વારા અસરકારક કૃષિ વ્યવસ્થાપન, કૃષિ ઉત્પાદનની અનિશ્ચીતતામાં ઘટાડો થાય, કૃષિ ખર્ચમાં ઘટાડો થાય તે માટે પ્રયત્નશીલ છે.

**પ્રાકૃતિક ખેતી:-**

પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારિત દેશી ગાયના ગોબર અને ગૌમુત્ર થકી ઓછાં ખર્ચે ખેતી, પાકની વૃધ્ધિ માટે જરૂરી ઈનપુટ બહારથી ન લેતાં પ્રાકૃતિક સામગ્રી દ્વારા જાતે જ બનાવવા. પ્રાકૃતિક ખેતીથી ભૂમિની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો, વધારે ભાવ, પાણીની બચત થાય અને પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનું રક્ષણ, પોષણ અને સંવર્ધન થાય તે હેતુસર દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના વર્ષ ૨૦૨૧-૨૨ ના બજેટમાં મંજૂર કરવામાં આવી.

**લાભાર્થી ખેડૂતની પાત્રતા:-**

1. અરજદાર ખેડૂત અરજીના સમયે આઇડેંટિફિકેશન ટેગ સહિતની એક દેશી ગાય ધરાવતો હોવો જોઈએ અને છાણ મૂત્રથી પ્રાકૃતિક ખેતી કરતો હોવો જોઈએ અથવા જ્યારે પ્રાકૃતિક ખેતી કરતાં થશે

ત્યારપછી લાભ મળવાપાત્ર થશે. અરજદાર ખેડૂત અરજીના સમયે આઇડેંટિફિકેશન ટેગ વગરની દેશી ગાય ધરાવતો હશે તો તે પણ અરજી કરી શકશે પરંતુ ડ્રોમાં પસંદગી થયેથી આઇડેંટિફિકેશન ટેગ ફરજિયાત લગાવવાની રહેશે.

2. પ્રાકૃતિક ખેતી કરતાં હોય અને તે વિશેનું પ્રમાણપત્ર ધરાવતાં હોય તો તેમને પ્રાથમિકતા આપવામાં આવશે.
3. આ યોજનાનો લાભ ફક્ત દેશી ગાય ધરાવતાં અને ખેડૂતે ધારણ કરેલી જમીન પૈકી એક એકર જમીનમાં દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને મળવાપાત્ર થશે. વાછરડાં ગાય તરીકે ગણાશે નહીં.
4. આ યોજના હેઠળ એક ખાતા (નમુના નં. ૮-અ મુજબ) હેઠળ સંયુક્ત ખાતે લાભાર્થીને એક વાર સહાયનો લાભ મળશે.
5. અરજદાર ખેડૂતે પ્રાકૃતિક કૃષિના માસ્ટર ટ્રેનર્સ પાસેથી અથવા પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધેલ હોવી જોઈએ.

**લાભાર્થીએ અરજી કરવાની પધ્ધતિ:-**

1. અરજદાર ખેડૂતે પ્રોજેકટ ડાયરેક્ટર, આત્માને, આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ગ્રામકક્ષાએ ઈ-ગ્રામ સેન્ટર મારફત અથવા પોતે જાતે પણ ઓનલાઈન પોર્ટલ ખુલ્લું હોય ત્યાં સુધી અરજી કરી શકશે.
2. ઓનલાઈન અરજી કર્યા બાદ અરજદારે અરજીની પ્રિન્ટઆઉટ મેળવી તેની ઉપર સહી/અંગુઠો કરી અરજદારે ૮ અ નકલ, સંયુક્ત ખાતેદાર હોય તો અન્ય ખાતેદારનું સંમતિ પત્રક, બેન્ક પાસબુકની નકલ, રદ કરેલ ચેક સામેલ રાખી દિન ૭ માં તાલુકાનાં બીટીએમ/એટીએમ, ગ્રામસેવકને રજૂ કરવાના રહેશે.

**અરજીઓની ચકાસણી અને મંજૂરીની કાર્યપધ્ધતિ:-**

1. મળેલ અરજીઓની ઇનવર્ડ કરી બીટીએમ/એટીએમ દ્વારા ચકાસણી કરવામાં આવશે.
2. યોજના હેઠળ પાત્રતા ધરાવતાં ખેડૂતોને પ્રાથમિકતા આપવામાં આવશે અને બિન પ્રાથમિકતાવાળી તમામ અરજીઓને ગ્રામસેવકની સ્થળ ચકાસણીની કામગીરી ડ્રો કર્યા પછી કરવાની રહેશે.
3. ગાયની ખરાઈ તથા ટેગ વેરિફિકેશન અને પ્રાકૃતિક કૃષિ અંગેનું વેરિફિકેશન કરવાનું રહેશે જેના માટે પ્રોજેકટ ડાયરેક્ટર આત્માએ જિલ્લાના તમામ બીટીએમ/એટીએમ/ગ્રામસેવક/બાગાયત અધિકારી/ફાર્મર ફ્રેન્ડ પૈકી કોઈપણ ત્રણ જણની ટિમ બનાવી દિન ૭ માં ફિલ્ડ વેરિફિકેશન કરી લાભાર્થીના ગાય સાથેના ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું રહેશે જે દેશી ગાયોને ટેગ ન હોય તો ૭ દિવસમાં ટેગ લગાવવાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.
4. પ્રાથમિકતા અને બિન પ્રાથમિકતાવાળી અરજીઓને ડ્રો કર્યા પછી દિન ૭ માં ટેગ

લગાવવાની અને ફિલ્ડ વેરિફિકેશનની કામગીરી ટિમ મારફતે કર્યા પછી ફિલ્ડ વેરિફિકેશનના પ્રમાણપત્રના આધારે આખરી સહાયના હુકમ કરવાના રહેશે.

**સહાય ચુકવણીની કાર્યપધ્ધતિ:-**

1. મંજૂર કરેલ લાભાર્થીઓને ગાયના નિભાવ ખર્ચ માટે માસિક રૂ. ૯૦૦/. લેખે ત્રિમાસિક એડવાન્સ સહાયની રકમ રૂ. ૨૭૦૦/. લાભાર્થીના બેન્ક ખાતામાં rtgs/dbt થી જમા કરાવવાની રહેશે.
2. દર છ માસે ટેગ સહિત ગાયની હયાતી તથા લાભાર્થી પ્રાકૃતિક કૃષિ કરે છે તે મુજબનું પ્રમાણપત્ર ગ્રામસેવક/બીટીએમ/એટીએમએ રજૂ કરવાનું રહેશે જે આધારે પ્રોજેકટ ડાયરેક્ટર આત્માએ ત્રિમાસિક સહાય ચુકવવાની રહેશે. ચકાસણી દરમ્યાન ખેડૂત પાસે જો ગાય ન હોય અને પ્રાકૃતિક કૃષિ ન કરતો હોય તો યોજના હેઠળની સહાય બંધ કરવાની રહેશે.

**યોજનાની સમીક્ષા:-**

જિલ્લા કક્ષાએ યોજનાની સમીક્ષા દર ત્રણ માસે જિલ્લા આત્મા ગવર્નિંગ બોર્ડ(AGB) અને દર છ માસે રાજ્યકક્ષા સમિતિની બેઠકમાં કરવાની રહેશે.

**ગાય આધારિત પ્રાકૃતિક કૃષિના ફાયદા:-**

1. ખેડૂત પોતાના ઘરે દેશી ગાય રાખતો થશે તો તેનું દૂધ તેમના પરિવારના સભ્યો પીવા માટે ઉપયોગ કરશે તો ગાયના દૂધમાં રહેલા પોષકતત્વો શરીરને સ્વસ્થ રાખશે.
2. ખેડૂત ખેતરમાં ખાતર તરીકે રાસાયણિક ખાતર અને કિટનાશક દવાનો ઉપયોગ કરે છે તે બંધ થશે અને તે લાવવા માટે જે નાણાં ખર્ચ કરે છે તેની બચત થશે.
3. પ્રાકૃતિક કૃષિ અપનાવવાના કારણે શાકભાજી સારી મળશે અને તેના કારણે સ્વાસ્થ્ય સુધરશે.
4. કૃષિ ઉદ્યોગોમાં જે ખેતીની પેદાશો જાય છે તે કુદરતી રીતે તૈયાર થયેલી હોવાથી તેનો ખેડૂતને સીધો લાભ થશે અને ખેડૂતની આવક વધશે.
5. ખેતીકામ કરતાં ખેતમજૂરોને પણ રોજગારી મળી રહેવાને કારણે તેમની સામાજિક, આર્થિક પરિસ્થિતિ સુધરશે.
6. પ્રાકૃતિક કૃષિ અપનાવવાના કારણે પર્યાવરણની પરિસ્થિતિમાં સુધારો થશે.

**ઉપસંહાર:-**

વર્ષો પહેલાં ઋષિમુનિઓ અને તેમની જોડે અભ્યાસ માટે આવતાં રાજકુમારો પણ તે સમયે પ્રકૃતિ આધારિત ખેતી કરતાં હતા અને તેઓ પણ ગાય રાખતાં હતાં. આજે એ યુગ ફરી પરિવર્તિત થાય એ ઘડી ઉજાગર થઈ છે. આજે ખેતી દિવસે-દિવસે મોંઘી થતી જાય છે ખેડૂત જેટલી મહેનત ખેતી પાછળ કરે છે તેટલું તેને આજે વળતર મળતું નથી જેના કારણે તેમની સામાજિક આર્થિક પરિસ્થિતિ કથળે છે અને તે દેવાદાર બની જાય છે. તેથી હાલના સમયમાં આપણે પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કરવું પડશે અને આવનારી

પેઢીને નવી દિશા તરફ લઈ જવાનો નિચ્છય કરીયે.

**સંદર્ભ**:-


1. આત્મા પ્રોજેકટ તાપી, (ND), આત્મા પરિચય પુસ્તિકા.
2. આઈ-ખેડૂત પોર્ટલ.
3. દેવવ્રત, આચાર્ય(2020), પ્રાકૃતિક કૃષિ, પ્રકાશક- નિયામક, સમેતી અને એસ.એન.ઓ., આત્મા., કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત.
4. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ઠરાવ ક્રમાંક; બજટ/૧૦૨૦૨૦/૧૨૬૦/ક.પ. સચિવાલય, ગાંધીનગર, ૧૮/૦૬/૨૦૨૧.
5. પધ્ધતિઓ અને બદલાવ, gov.vikaspedia.in.
6. www.atmagujrat.in.